# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) ભારત અને અંગોલા વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા.
2) પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાનથી થતી તમામ આયાત પર પ્રતિબંધ મૂક્યો.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે ન્યાય પૂરો પાડવા માટે મધ્યસ્થી એક આવશ્યક ભાગ છે.
4) વેવ્ઝ સમિટમાં વેવ્ઝ બજાર 2025માં એક હજાર કરોડ રૂપિયાથી વધુનો કારોબાર થયો.
5) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારત મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરી શકે છે.
6) આઇપીએલ ક્રિકેટમા ચેન્નાઇ સુપર કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે.

.........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Presidential Visit to Angola-1

ભારત અને અંગોલાએ કૃષિ, પરંપરાગત સારવાર અને સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં અનેક સમજૂતી કરારોનું આદાન-પ્રદાન કર્યું છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોંજાલ્વેસ લોરેન્સો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ આ સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા. વિદેશ મંત્રાલયના સચિવ દમ્મુ રવિએ નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે અંગોલા ભારત પાસેથી સંરક્ષણ સાધનો ખરીદશે. ખરીદવામાં આવનારા માલ સામાન અંગે ભારતીય ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે ચર્ચાઓ ચાલી રહી છે.

વિદેશ મંત્રાલયના સચિવે કહ્યું કે અંગોલાના રાષ્ટ્રપતિએ ભારતીય ભૂમિ પર થયેલા આતંકવાદી હુમલાની સખત ટીકા કરી છે અને ભારતના લોકો સાથે એકજુટતા વ્યક્ત કરી છે. બંને નેતાઓ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટોમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

અંગોલાના રાષ્ટ્રપતિને મળ્યા બાદ પ્રધાનમંત્રી મોદીએ ફરી એકવાર કહ્યું કે આતંકવાદ માનવતા માટે ગંભીર ખતરો છે. તેમણે પહલગામ આતંકવાદી હુમલા પર અંગોલાના શોક માટે આભાર વ્યક્ત કર્યો. સંયુક્ત પત્રકાર પરિષદમાં, શ્રી મોદીએ આતંકવાદીઓ અને તેમના સમર્થકો સામે મજબૂત અને નિર્ણાયક પગલાં લેવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેમણે સરહદ પાર આતંકવાદ સામેની લડતમાં અંગોલાના સમર્થન બદલ આભાર માન્યો.

**(BYTE : PM MODI ON TERRORISM)**

# Presidential Visit to Angola-2

પ્રધાનમંત્રીએ કહ્યું કે અંગોલાના સશસ્ત્ર દળોના આધુનિકીકરણ માટે 20 કરોડ ડોલરની સંરક્ષણ સહાય મંજૂર કરવામાં આવી છે.

(BYTE : PM MODERNISATION OF ANGOLA ARMY)

રાષ્ટ્રપતિ લોરેન્સોએ ભાર મૂક્યો કે 38 વર્ષમાં પહેલી વાર થયેલી આ રાજકીય મુલાકાત અંગોલા માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે. તેમણે આ મુલાકાતને ભારત અને અંગોલા વચ્ચે મિત્રતા અને સહયોગને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ગણાવી. રાષ્ટ્રપતિ લોરેન્સોએ તેમના પ્રતિનિધિમંડળ વતી ભારતના આતિથ્ય અને ઉષ્માભર્યા સ્વાગત માટે ઊંડી પ્રશંસા વ્યક્ત કરી.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે સવારે રાષ્ટ્રપતિ લોરેન્સોને મળ્યા. તેમણે સોશિયલ મીડિયા પર એક સંદેશમાં કહ્યું કે રાષ્ટ્રપતિ લોરેન્સોની પ્રધાનમંત્રી મોદી સાથેની વાતચીત ભારત-અંગોલા અને ભારત-આફ્રિકા સંબંધો માટે વિકાસના નવા માર્ગો ખોલશે.

અંગોલાના રાષ્ટ્રપતિ ગઈકાલે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. આજે સવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી મોદીએ અંગોલાના રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ લોરેન્સોએ રાજઘાટ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી.

# PAKISTAN IMPORT BAN

ભારતે પાકિસ્તાનથી થતી પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે.

વિદેશ વેપાર મહાનિર્દેશાલયે એક સૂચનામાં જણાવ્યું કે, પાકિસ્તાનમાં ઉદ્ભવતા અથવા નિકાસ થતા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અથવા પરિવહન પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રતિબંધ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર નીતિના હિતમાં લાદવામાં આવ્યો છે. આ પ્રતિબંધમાં કોઈપણ અપવાદ માટે સરકારની મંજૂરીની જરૂર પડશે.

# Communications-Pakistan

પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાનથી તમામ શ્રેણીના ટપાલ અને પાર્સલની અવરજવર સ્થગિત કરી દીધી છે. સંદેશાવ્યવહાર મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે હવાઈ અને જમીન બંને માર્ગો દ્વારા ટપાલ અને પાર્સલની અવરજવર સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

# Bolton-Pakistan

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોન બોલ્ટને કહ્યું છે કે કોઈ પણ દક્ષિણ એશિયામાં સંઘર્ષ ઇચ્છતું નથી, પરંતુ પહલગામ આતંકવાદી હુમલા પછી ભારતને સ્વરક્ષણમાં પાકિસ્તાન સામે કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમણે કહ્યું કે સરહદ પારથી સતત આતંકવાદી પ્રવૃત્તિઓને કારણે જમ્મુ અને કાશ્મીરના લોકોને સ્થિરતાના વાતાવરણમાં રહેવાથી અટકાવવામાં આવી રહ્યા છે અને પ્રવાસીઓને જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેતા અટકાવવામાં આવી રહ્યા છે જે દુર્ભાગ્યપૂર્ણ છે.

# presidential mediation

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે ન્યાય પૂરો પાડવા માટે મધ્યસ્થી એક આવશ્યક ભાગ છે. મધ્યસ્થી માત્ર વિચારણા હેઠળના ચોક્કસ કેસમાં જ નહીં પણ મોટી સંખ્યામાં કેસોના ભારણને ઘટાડીને ન્યાય ઝડપી બનાવી શકે છે.

નવી દિલ્હીમાં મધ્યસ્થી પર રાષ્ટ્રીય પરિષદમાં બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે મધ્યસ્થી એક મહત્વપૂર્ણ માધ્યમ છે. તેમણે કહ્યું કે મધ્યસ્થી સંવાદ, સમજણ અને સહયોગને પ્રોત્સાહન આપે છે.

આ પ્રસંગે, મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ કહ્યું કે છેલ્લા બે દાયકામાં વિવાદોના ઉકેલમાં મધ્યસ્થીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે માહિતી આપી કે 2016 થી 2025 વચ્ચે મધ્યસ્થી દ્વારા સાત લાખ 57 હજારથી વધુ કેસોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. મધ્યસ્થી હજુ પણ ઘરો અને ગામડાઓ સુધી પહોંચી શકી નથી કારણ કે તે હજુ પણ હાંસિયામાં છે.

કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલ, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ અને એટર્ની જનરલ આર. વેંકટરમણીએ પણ આ પરિષદમાં હાજરી આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Sanjay Jaju - Waves Bazaar

માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ જણાવ્યું છે કે વેવ્ઝ બજાર 2025 એ એક હજાર કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર કર્યું છે. મુંબઈમાં વેવ્ઝ સમિટની એક મુખ્ય વૈશ્વિક બજાર પહેલ, મનોરંજન ઉદ્યોગમાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટે એક શક્તિશાળી ઉત્પ્રેરક તરીકે ઉભરી આવ્યું છે. તે ઉદ્યોગ વ્યાવસાયિકોને જોડવા અને નવી વ્યવસાયિક તકો શોધવા માટે એકસાથે લાવવા માટે એક સમર્પિત મંચ છે. પત્રકારો સાથે વાત કરતા, શ્રી જાજુએ જણાવ્યું હતું કે ટોચની કંપનીઓ વેવ્ઝ બજારમાં ભાગ લઈ રહી છે.

**(BYTE : SANJAY JAJU)**

# Vaishnav - Media & Entertainment

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારત મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરી શકે છે. તેમણે કહ્યું કે ઘણી વૈશ્વિક કંપનીઓએ આ સંદર્ભમાં ભારત સાથે કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

આજે મુંબઈમાં વેવ્સ સમિટ દરમિયાન ગૂગલ, મેટા અને માઇક્રોસોફ્ટ સહિત સાત વૈશ્વિક કંપનીઓએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. મુંબઈમાં 400 કરોડ રૂપિયાના ભંડોળ સાથે IICT ની સ્થાપના કરવામાં આવશે. આ પ્રસંગે બોલતા શ્રી વૈષ્ણવે કહ્યું કે આગામી દિવસોમાં, IICT ને IIT અને IIM ની સમકક્ષ માન્યતા મળશે.

અગાઉ, તેમણે કહ્યું હતું કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ માટે રાષ્ટ્રીય કેન્દ્ર બનવા માટે તૈયાર છે. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ મુરુગન અને માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ પણ ઉપસ્થિત હતા.

# Waves -Creative Hub

આજે મુંબઇમાં વેવ્ઝ 2025 સમિટ દરમિયાન "ડિજિટલ ડ્રીમ્સ એન્ડ સિનેમેટિક વિઝન: મધ્યપ્રદેશ ઈઝ ધ નેક્સ્ટ ક્રિએટિવ હબ" વિષય પર એક સત્ર યોજાયું હતું. આ સત્રનું સંચાલન વૈરાઈટીના આંતરરાષ્ટ્રીય સંવાદદાતા નમન રામચંદ્રને કર્યું હતું.

પ્રખ્યાત નિર્માતા-દિગ્દર્શક એકતા કપૂરે મધ્યપ્રદેશ સરકારની ફિલ્મ પર્યટન નીતિ 2025નો શુભારંભ કરાવ્યો હતો.

સત્ર દરમિયાન AVGC-XR નીતિ 2025 અને મધ્યપ્રદેશ ફિલ્મ પોર્ટલના બીજા તબક્કાનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

# Maharashtra-Netflix

નેટફ્લિક્સના સહ-મુખ્ય કાર્યકારી અધિકારી  ટેડ સારન્ડોસે કહ્યું છે કે નેટફ્લિક્સે તેના ભારતીય સંચાલનથી 200 કરોડ અમેરિકી ડોલરનો આર્થિક પ્રભાવ પેદા કર્યો છે. મુંબઈમાં વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય મનોરંજન શિખર સંમેલન-વેવ્ઝ 2025 ના ઉદ્ઘાટન સમારોહમાં બોલતા, શ્રી સારન્ડોસે કહ્યું કે નેટફ્લિક્સે ભારતમાં 20 હજાર કલાકારો અને ફિલ્મ નિર્માણમાં નોકરીઓનું સર્જન કર્યું છે.

તેઓ ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન દ્વારા સંચાલિત "સ્ટ્રીમિંગ ધ ન્યૂ ઈન્ડિયા: કલ્ચર, કનેક્ટિવિટી એન્ડ ક્રિએટિવ કેપિટલ" સત્રમાં બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું કે ભારતમાં સિનેમાની સંસ્કૃતિ ખૂબ સારી છે કારણ કે લોકો ફિલ્મો જોવાનું અને તેના વિશે વાત કરવાનું પસંદ કરે છે. એક પ્રશ્નના જવાબમાં, શ્રી સારાન્ડોસે કહ્યું કે ભારતમાં સિનેમા અને સ્ટ્રીમિંગ એકસાથે થઈ શકે છે.

# Murugan - White Paper

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને આજે મુંબઈમાં WAVES સમિટ દરમિયાન ભારતના 'લાઈવ ઈવેન્ટ્સ ઈકોનોમી: અ સ્ટ્રેટેજિક ગ્રોથ ઈમ્પેરેટિવ' પર પ્રથમ શ્વેતપત્ર બહાર પાડ્યું. આ શ્વેતપત્ર ભારતના ઝડપથી વિસ્તરતા જીવંત મનોરંજન ઉદ્યોગનું વ્યાપક વિશ્લેષણ રજૂ કરે છે, જેમાં ઉભરતા વલણો, વૃદ્ધિના માર્ગો અને આ ક્ષેત્રના સતત વિકાસ માટે વ્યૂહાત્મક ભલામણો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ભારત 2030 સુધીમાં વિશ્વના ટોચના પાંચ લાઈવ મનોરંજન સ્થળોમાં પોતાને મજબૂત રીતે સ્થાપિત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

શ્રી મુરુગને મીડિયા અને મનોરંજન ક્ષેત્ર 2024-25 પર પુસ્તિકાનું પણ વિમોચન કર્યું. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુ પણ હાજર રહ્યા હતા.

# mumbai-bullet station

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ભારતના પ્રથમ હાઇ-સ્પીડ રેલ કોરિડોરની પ્રગતિની સમીક્ષા કરવા મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લીધી હતી.

કેન્દ્રીય મંત્રીએ મુખ્ય બાંધકામ ક્ષેત્રોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, તેમણે ઇજનેરો અને અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. શ્રી વૈષ્ણવે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે ભારતના રેલ માળખાગત સુવિધામાં પરિવર્તન લાવવા અને આર્થિક જોડાણને વેગ આપવા માટે પ્રોજેક્ટના મહત્વ વિશે વાત કરી હતી.

# IPL

આઇપીએલ ક્રિકેટમા ચેન્નાઇ સુપર કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે. બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી આ મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે આરસીબીએ 5 ઓવરમાં વિના વિકેટે 60 રન કર્યા છે.